# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

<u>પરિપત્રઃ-</u>

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષઃ૨૦૨૧-૨૨થી નવા સ્કીલ બેઇઝ ડિપ્લોમા/પી.જી.ડિપ્લોમા સર્ટીફિકેટ/કોર્ષની માન્યતા આપવામાં આવેલ છે તેવી તમામ કોલેજ/સંસ્થાઓએ શૈક્ષણિક વર્ષઃ૨૦૨૧-૨૨ માટે વિદ્યાર્થીઓનાં પ્રવેશ માટેની કાર્યવાહી કોલેજ કક્ષાએ કરવાની રહેશે. પ્રવેશ માટેની કાર્યવાહી તા.૧૯/૦૮/૨૦૨૧થી શરૂ કરવાની રહેશે. પ્રત્યેક કોલેજ/સંસ્થા દ્વારા પ્રવેશ માટેનું શેડ્યુલ નિયત કરવાનું રહેશે. મેરીટક્રમમાં આવેલ વિદ્યાર્થી ફી ભરવા આવે ત્યારે તેનું ઓરિજિનલ ડોક્યુમેન્ટસ સાથે સંસ્થાએ વેરીફીકેશન કરવાનું રહેશે. આ સમયે Covid-19ની માર્ગદર્શીકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓનાં પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) અને રાજ્ય સરકારશ્રી/યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. સંસ્થા/કોલેજોની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ સંસ્થા/કોલેજ કક્ષાએ આપવાનો રહેશે. ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

- નવા સ્કીલ બેઇઝ સર્ટીફિકેટ કોર્ષનો નવો સિલેબસ ધ્યાને લેવાનો રહેશે. જે અત્રેની યુનિવર્સિટીની વેબસાઇટ <u>bknmu.edu.in</u> પરથી ડાઉનલોડ કરવાનો રહેશે.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૨૬/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા-જૂનાગઢ.
તા.૧૮/૦૮/૨૦૨૧

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....

<u>નકલ સાદર રવાનાઃ-</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.
<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ-</u>
(૧) પરીક્ષા વિભાગ.
(૨) આઇ.ટી.સેલ વિભાગ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.